INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૨-૦૧-૨૦૨૪**

- **ભાજપા સરકારની પ્રાથમિકતામા ભારત નહી ભાજપા........**
- **ભાજપા સરકારની પ્રાથમિકતા શાળા નિર્માણ નહી કમલમ નિર્માણ......**
- **ભાજપા સરકારની પ્રાથમિકતામા નેક્સ્ટ જનરેશન નહી,નેક્સ્ટ ઈલેકશન....**
- **ભાજપા સરકારની પ્રાથમિકતામા શ્રમજીવી નહી ભાષણજીવી....**

ભાજપા સરકારની પ્રાથિકતા શુ ?

- શાળાઓ બંધ કરો અને ઉદ્દેશ વગરના ધર્મસ્થાનો નિર્માણ કરો-જનતાને ધર્મના અફિણી નશામા રાખો.
- આઝાદીનો ઈતિહાસ ભુલાવો,ભુસો અને ફાડી નાખો.
- નવી પેઢીને અભણ, અજ્ઞાની અને ગવાર રાખો જેથી ડરપોક અને ગુલામ આપોઆપ બને.
- દેશની આર્થિક હાલત કંગાળ કરો અને ભાજપાની આર્થિક હાલત મજબુત કરો.
- દેશમા ઉચ્ચ શિક્ષણ ખાનગી હવાલે કરી મોંઘુ કરો જેથી આશાસ્પદ અને બુદ્ધિમાન પેઢી ભારતમા ન ટકે.

ભાજપા સરકારની પ્રાથમિકતા શાળા નિર્માણ નહી, કમલમ ભવન નિર્માણ…

ભાજપા પ્રમુખ શ્રીમાન નડ્ડાજી ઉવાચ – મોદી સાહેબે સંકલ્પ કર્યો છે કે દેશમા જીલ્લા મથક ઉપર ભાજપાના કાર્યાલયો વર્લ્ડ કલાસ હોવા જોઈએ. એ મુજબ કેન્દ્રમા ૨૦૧૪ મા ભાજપાએ સરકાર બનાવી પછી ૨૯૦ વર્લ્ડ ક્લાસ ભાજપા કાર્યલયો બનાવ્યા,૧૧૫ બની રહ્યા છે અને ૧૨૩ કાર્યાલયો માટે જમીન ખરીદી લીધી છે. આ મોદી સાહેબની પ્રાથમિકતાનો પરિચય ખુદ ભાજપા પ્રમુખ શ્રીમાન નડ્ડાજીએ આપ્યો છે.

ભાજપાએ આપેલા વચનો આજે સરકારની પ્રાથિકતામાથી બહાર....

- ૨૦૨૨ સુધીમા ખેડુતોની આવક બમણી ?
- ૨૦૨૨ સુધીમા દરેકને પાકુ ઘરનુ ઘર ?
- ૨૦૨૨ સુધીમા ૧૦૦ સ્માર્ટ સીટી ?
- વર્ષે ૨ કરોડ યુવાનોને નોકરી ?
- ૨૦૧૭ મા નશાબંધીનો કાયદો મજબુત બનાવ્યો – બુટલેગરો ઉપરના ગુના ઘટ્યા ?
- ૨૦૧૯ મા ગુંડા ધારા કાયદો મજબુત બનાવ્યો – ગુંડાગીરીના ગુના ઘટ્યા ?
- ૨૦૨૦ મા લેન્ડ ગ્રેબિંગ કાયદો બનાવ્યો – જમીન માફિયાગીરીના ગુના ઘટ્યા ?

ભાજપા સરકાર દેશની આર્થિક તબાહી માટે જવાબદાર....

- ૫૪ લાખ કરોડ રુપિયાનુ દેવુ માત્ર સાડા નવ વર્ષમા ૨૦૫ લાખ કરોડે પહોચાડ્યુ.
- દેશની કુલ આવક ૨૭ લાખ કરોડ રુપિયામાથી ૧૧ લાખ કરોડ રુપિયા વ્યાજ ચુકવાય છે.એટલે કે આવકના ૪૦ % રકમ વ્યાજ માટે ચુકવે છે.
- ૨૦૧૪-૨૨ સુધીમા મોદી શાસનમા રોજના ૭૮૮ કરોડ રુપિયા બેન્ક લોન એવા ઉદ્યોગગૃહોને આપી છે કે જેમને લીધેલી લોન બેન્કને પરત કરી નથી અને રોજના ૩૧૨ કરોડ રુપિયા બેન્ક લોન એવા ઉદ્યોગગૃહોની માફ કરી જેમને લીધેલી લોન પરત કરી નથી.

- દેશના યુવાનોને,ખેડુતોને,નાના વેપારીઓને કે અન્ય પછાત જરુરીયાતને કશુ આપ્યુ નથી છતાં દેશની આર્થિક હાલત નાજુક છે.એટલે સ્પષ્ટ છે કે ભાજપા સરકારની પ્રાથમિકતા બદલી છે.
- દેશ નહી રુકને દુંગા, દેશ નહી ઝુકને દુંગા, દેશ નહી બિકને દુંગા……ગળુ ફાડીને બોલનારના પુણ્યપ્રતાપે દેશ દેવાળીયો બન્યો અને ૭૦ વર્ષમા દેશની જનતાના લોહી-પરસેવાની મહેનતથી ૩૦૦ સરકારી કંપનીઓ (PSU) નિર્માણ પામી તેમા ૨૪૯ ચાલુ કંપનીઓ પૈકી ૨૨૫ કંપનીઓ વેચી મારી….(૩૦.૦૩.૨૦૧૯)

ભારતીયો અને વિદેશી રોકાણકારો દેશ છોડવા મજબુર બન્યા…

- દેશમા અન્ય ઘુસણખોરોને રોકવા અને દેશી ઘુસણખોરો અન્ય દેશમા ઘુસણખોરી કરે તે માટે ભાજપા સરકાર મૌન કેમ ? ૯૬,૯૧૭ ભારતીય ઘુસણખોરોને અમેરીકામા ઘુસતા પકડયા જે સંખ્યા ૫ ગણી વધી.
- દેશના લોકો દેશ છોડીને અન્ય દેશના ઘુસણખોર બનવા મજબુર કેમ બન્યા ?
- ૧૦ લાખ ભારતીય નાગરિકો નાગરિત્વ છોડવા મજબુર કેમ બન્યા ?
- વિદેશ અભ્યાસઅર્થે જતા ૧૦૦ વિદ્યાર્થી પૈકી ૯૫ પરત કેમ ફરતા નથી ?
- વિદેશી રોકાણકારો દેશ છોડીને ભાગવા કેમ મજબુર થયા ?

દેશની જનતાને કાઈ આપ્યુ નથી ઉપરાંત તગડા ટેક્ષ વસુલ્યા છે છતાં દેશ દેવાદાર બન્યો.

- પેટ્રોલ-ડીઝલ ઉપર ટેક્સ નામે કરોડો રૂપિયા પાસેથી વસુલાય રહ્યા છે,
- દેશના ખેડૂતો,યુવાનો,નાના વેપારીઓ કે મહિલાઓ વિકાસ માટેની કોઈ ખાસ યોજના નહી.
- તમામ ચીઝવસ્તુ ઉપર તગડા GST વસૂલવામાં આવે છે.
- શિક્ષણ-આરોગ્ય,વીજળી-પાણી,સરકારી મુસાફરી કે રોડ ટોલ પેટે કર વસુલાય છે.
- સરકારી બગીચા,સાયન્સ સિટી,મ્યૂઝીયમો,સંગ્રહાલયો,સફારી પાર્ક કે અન્ય કોઇ સુવિધા નિહાળવા જનતા માટે વિના મૂલ્યે નથી..
- આમ જનતાને સીધો કોઇ નાણાકીય લાભ નથી કે કોઇ ચીજ વસ્તુ વિના મૂલ્યે મળતી નથી, ઉપરાંત તગડા ટેક્સ ઉઘરાવે છે તો પછી દેશનુ દેવુ ૫૪ લાખ કરોડ રુપિયામાથી માત્ર ૯ વર્ષમાં ૨૦૫ લાખ કરોડ રૂપિયા કેમ ? આ કરોડો રૂપિયા કયા વાપર્યા કયા ?
- દુનિયાના દેશોમાં ભારત કયા છે, કયા જઈ રહ્યો છે અને જનતાની શું હાલત છે તેવા તમામ મોરચે દુનિયા અવગત છે અને તેનું વૈશ્વિક આંકલન દુનિયા આપની સામે દર વર્ષે મૂકે છે…

ભાગ્યવાન ભાજપા સરકારે દેશની જનતાને ભારતને વિશ્વગુરુ,ભારત નિર્માણ અને આત્મનિર્ભર બનાવવાના સપના દેખાડ્યા હતા પરંતુ હકીકત દુનિયાના દેશોની સરખામણીએ ભારતની વાસ્તવિકતા સામે છે.

- નિર્માણ વિકાસ દરમા તળીએ….
- બેરોજગારી દરમા આસમાને…
- ગ્લોબલ વેલ્થ દરમા તળીએ….
- મોંઘવારી ફુગાવાના દરમા આસમાને….
- ઉદાર લોકશાહી દરમા તળીએ…
- અસમાન આવકમા ૧૬૧ દેશોમા ૧૨૩ મા નંબરે…
- માનવ સ્વતંત્રતામા ૧૯૧ દેશોમા ૧૩૨ મા નંબરે
- ભુખમરામા ૧૨૧ દેશોમા ૧૦૭ મા નંબરે
- માનવ ખુશી અને સ્મિતમા ૧૯૭ દેશોમા ૧૨૬મા નંબરે

દેશના યુવાનોને પહેલા ત્રિશુળ પકડાવ્યુ પછી તિરંગો આપ્યો, પરંતુ ભાજપાએ તેની માનસિકતા બદલીને દેશના યુવાનના હાથને કામ ન આપ્યુ.

માટે દેશની જનતાને અમારી પ્રાર્થના છે કે પોતાના બાળકોના ભવિષ્યની ચિંતા તમારા બાળકોના ચહેરા સામે જોઈને કરજો ભાષણજીવીના ચહેરા પર જોઈને નહીં..કારણે કે ભાજપા સરકારની સેવાની પ્રાથમિકતામા દેશ અને દેશની જનતા નથી.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ